પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

Date : 03-11-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

PM- પુણે મેટ્રો પરી યોજનાઓના ઉદ્ઘાટન અને ખાતમુર્હત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી લગભગ 21 હજાર 800 કરોડ રૂપિયાની પુણે મેટ્રો પરી યોજનાઓના ઉદ્ઘાટન અને ખાતમુર્હત કરશે. આ અવસરે પ્રધાનમંત્રી એક જનસભાને પણ સંબોધન કરશે. પ્રધાનમંત્રી 8,300 કરોડ રૂપિયાથી વધુ ખર્ચે તૈયાર થનારી પુણે મેટ્રોલાઈન-3નું ઉદઘાટન કરશે. શ્રી મોદી પુણે મેટ્રોના બીજા ચરણનું ખાતમુર્હત પણ કરશે

PM- ભારત રિન્યુએબલ એનર્જી સમિટ અને એક્સ્પો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ચાર દિવસીય ભારત રિન્યુએબલ એનર્જી સમિટ અને એક્સ્પો 2026નું ઉદ્ઘાટન કર્યું. નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા આ સમિટનું આયોજન "રોકાણ કરો. નવીનતા લાવો. પ્રેરણા આપો" એ થીમ સાથે કરવામાં આવી રહ્યું છે.

સભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક અર્થતંત્રમાં અભૂતપૂર્વ કટોકટી જોવા મળી છે, તેમણે નોંધ્યું કે પશ્ચિમ એશિયા કટોકટી હજુ પણ ચાલી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, 140 કરોડ ભારતીયો માટે ગર્વની વાત છે કે દેશે અત્યાર સુધી આ વૈશ્વિક પડકારોનો અસરકારક રીતે સામનો કર્યો છે. શ્રી મોદીએ ઉમેર્યું કે આ કટોકટી છતાં, ભારતે અવિરત વિકાસ ટકાવી રાખ્યો છે.

CM-વિદ્યા સહાયકોની ભરતી અંગે જાહેરાત:

રાજ્યમાં આઠ હજારથી વધુ વિદ્યાસહાયકોની ભરતી કરાશે. ગાંધીનગર ખાતે યોજાયેલા નવનિયુક્ત વિદ્યાસહાયકોને ભલામણ પત્ર એનાયત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ જાહેરાત કરી હતી.

તેમણે શિક્ષક હોવું એ માત્ર એક નોકરી નહીં, પરંતુ ભાવિ પેઢીનું નિર્માણ કરવાની જવાબદારી છે. શ્રી પટેલે નવનિયુક્ત વિદ્યાસહાયકોને વર્ગખંડમાં આદર્શ વર્તન અને ઉત્તમ શિક્ષણ થકી ભૂલકાંઓને યોગ્ય દિશા આપવા તથા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા આહવાન કર્યું.

ઉલ્લેખનીય છે કે પ્રાથમિક શાળાના 8 હજાર 169 જેટલાં નવનિયુક્ત વિદ્યાસહાયકોને ભલામણ પત્રક એનાયત કરાયાં હતા.

રાજ્યમા રૂફટોપ સૌર પ્રણાલી:

રાજ્યમાં અત્યાર સુધીમાં નવ લાખ આઠ હજાર ઘરો પર રૂફટોપ સૌર પ્રણાલી સ્થાપિત કરવામાં આવી, જેની સ્થાપિત ક્ષમતા ત્રણ હજાર 408 મેગાવૉટ છે. સાથે જ ગુજરાત દેશભરમાં રૂફટોપ સૌર પ્રણાલીની સ્થાપિત ક્ષમતામાં અગ્રણી રાજ્ય બન્યું છે. ગુજરાતે માર્ચ 2027 સુધીમાં 10 લાખ ઘર પર આ પ્રણાલી સ્થાપિત કરવાનો 90 ટકા લક્ષ્ય પૂર્ણ કરી લીધો છે. રાજ્યમાં રહેણાંક મકાનમાં છ કિલોવૉટ સુધીની રૂફટોપ પ્રણાલી માટે નિયમનકારી ફી તરીકે બે હજાર 950 રૂપિયાની સહાય સરકાર દ્વારા અપાય છે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2070 સુધી દેશમાં નેટ ઝીરો ઉત્સર્જનનું લક્ષ્ય નક્કી કર્યું છે. પરંપરાગત ઇંધણ પર નિર્ભરતા ઘટાડવા અને વર્ષ 2030 સુધી દેશની વીજળીની 50 ટકા જરૂરિયાત નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતમાંથી પૂર્ણ કરવા વિવિધ પહેલ અમલમાં મુકવામાં આવી છે.

રાપર ખાતે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની તપાસ ઝુંબેશ:

આગામી દિવાળીના તહેવારો દરમિયાન નાગરિકોનાં સ્વાસ્થ્ય અને આરોગ્યની સુરક્ષાને પ્રાથમિકતા આપીને ખોરાક અને ઔષધ નિયમન તંત્રે સક્રિય બની સઘન ચાકિંગ ઝુંબેશ હાથ ધરી છે. જે અંર્તગત રાપર ખાતે મીઠાઈ તથા ફરસાણનું વેચાણ કરતી વિવિધ પેઢીઓ અને દુકાનો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા 21 જેટલા વિવિધ ખાદ્ય પદાર્થોના નમૂના પૃથક્કરણ અર્થે મોકલવામાં આવ્યા હતા. વેપારીઓને ભારપૂર્વક સૂચના આપવામાં આવી હતી કે, ગરમ કે તળેલા ખાદ્ય પદાર્થો પ્રિન્ટેડ ન્યૂઝ પેપર કે છાપાંના કાગળ પર ન આપવા તાકીદ કરાઇ હતી. આગામી સમયમાં આ પ્રકારની ડ્રાઇવ સતત ચાલુ રહેશે તેવું યાદીમાં જણાવાયું હતું.

સ્મૃતિવન ખાતે ધન તેરસના દિપોત્સવ:

ભુજિયા ડુંગરની તળેટીમાં આવેલા સ્મૃતિવન ખાતે છેલ્લા પાંચ વર્ષથી ધનતેરસનાં પર્વે યોજાતા દીપોત્સવની પરંપરા આ વર્ષે પણ જળવાઈ રહેશે. આ વર્ષે પણ વિવિધ સંસ્થાઓ, સામાજિક આગેવાનો અને દાતાઓના સહયોગથી 51 હજાર દીવડાઓ પ્રગટાવી અને વિકસિત ભારતના સંકલ્પ સાથેના દીપોત્સવની ઉજવણી કરવાનું આયોજન કરાયું છે.

સમગ્ર ભુજ શહેર તથા આસપાસના વિસ્તારના નાગરિકો એકત્રિત થઈ ભૂકંપમાં અવસાન પામેલા સ્વજનોને દીપ પ્રગટાવી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરશે તેમજ ધનતેરસ નિમિત્તે સુખ, શાંતિ અને સમૃદ્ધિની કામના સાથે 51 હજાર દીવડાનો ઝળહળતો દીપોત્સવ યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ દીપોત્સવ ભુજવાસીઓ દ્વારા યોજાતો એક લોકઉત્સવ છે.

ક્રિકેટ:

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ વન ડે મેચની શ્રેણીનો આવતીકાલ 4 થી તારીખ થી આરંભ થાય છે. પ્રથમ મેચ એડનપાર્ક ઓકલેન્ડ ખાતે રમાશે. બધી મેચ ભારતીય સમય મુજબ સવારે સાડા સાત વાગ્યે શરૂ થશે.

હવામાન:

જીલ્લામાં લઘુતમ તાપમાનમાં સમયાંતરે ઘટાડો જોવા મળી રહ્યો છે. જો કે, મહત્તમ તાપમાન ઊંચું નોંધાતાં વાતાવરણમાં વિષમતા જળવાયેલી રહી છે. નલિયામાં લઘુતમ ઉષ્ણતામાન 16.8 ડિગ્રીએ પહોંચતાં વહેલી સવારે ઠંડીની ચમક સાથે ખુશનુમા વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. ગઈકાલે નલિયામાં દિવસનું તાપમાન 36.6 ડિગ્રી નોંધાયું હતું.